



A FORTNIGHTLY NEWSLETTER FROM NRGS' FOUNDATION



# NRG TIMES

CONNECTING GUJARATIS' DIASPORA GLOBALLY


પ્રકાશક : એનઆરજી ફાઉન્ડેશન, ગાંધીનગર
તા. જૂન ૧૫, ૨૦૨૨ • જેઠ વદ ૧ સંવત ૨૦૭૮



Gujarat State Non-Resident Gujaratis' Foundation
(A Government of Gujarat Organization)



**Shri Bhupendra Patel**
Hon'ble Chief Minister
Gujarat State



**Shri Harsh Sanghvi**
Hon'ble Minister of State for NRGs (Independent Charge), Govt. of Gujarat



**Shri Dhananjay Dwivedi(I/C), IAS**
Hon'ble Chairman, GSNRGF
Secretary (NRI),
Govt. of Gujarat



**Shri Vikramsinh Jadav**
Director
GSNRGF


## અમદાવાદ એરોસ્પેસ ક્ષેત્રે દેશનું પ્રથમ હેડક્વાર્ટર બનશે પ્રધાનમંત્રીશ્રીએ 'IN-SPACe' દેશને સમર્પિત કર્યું

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ૧૦ જૂને અમદાવાદના બોપલ ખાતે 'ઇન્ડિયન નેશનલ સ્પેસ પ્રમોશન એન્ડ ઓથોરાઈઝેશન સેન્ટર (I N - SPACe)નું ઉદ્ઘાટન કેન્દ્રિય ગૃહ મંત્રી શ્રી અમિતભાઇ શાહ અને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતીમાં કર્યું હતું. આ પ્રસંગે ઇન-સ્પેસ અને ખાનગી ક્ષેત્રના ૧૦ સ્ટાર્ટઅપ્સ વચ્ચે MoU સંપન્ન થયા હતા. ઇન-સ્પેસને કારણે અમદાવાદ ભારતમાં એરોસ્પેસ માટેનું હબ બનશે. એરોસ્પેસ ક્ષેત્રે કામ કરતાં સ્ટાર્ટઅપ અને ખાનગી કંપનીઓ પોતાના પ્રોજેક્ટ માટે ઇસરોની ટેક્નોલૉજીનો ઉપયોગ કરી શકશે. આગામી દિવસોમાં 'ઇન–સ્પેસ' થકી સ્પેસ ટુરિઝમ અને સ્પેસ ડિપ્લોમસીમાં ભારત મહત્વની ભૂમિકા ભજવશે. આ અવસરે વડાપ્રધાનશ્રીએ કહ્યું કે, ૨૧મી સદીના આધુનિક ભારતની વિકાસયાત્રામાં એક વધુ અધ્યાય ઈન-સ્પેસ હેડ ક્વાર્ટરના રૂપમાં ઉમેરાયો છે. ભારત



આગામી દિવસોમાં સ્પેસ ક્ષેત્રે નવી ઊંચાઈઓ હાંસલ કરશે. ઇન-સ્પેસ ભારતના યુવાનોને, ભારતના બેસ્ટ માઇન્ડને પોતાનું ટેલેન્ટ બતાવવાનો અવસર આપશે પછી ભલે તે સરકારમાં હોય કે ખાનગી ક્ષેત્રમાં હોય ઇન-સ્પેસ તમામ વર્ગના લોકોને શ્રેષ્ઠ અવસર પ્રદાન કરશે એમ વડાપ્રધાનશ્રીએ જણાવ્યું હતું.

(Source : https://cmogujarat.gov.in)

## ગુજરાત કલાયમેટ એક્શન અને જમીન સંરક્ષણ અંતર્ગત 'માટી બચાવો' MoU કરનારું દેશનું પ્રથમ રાજ્ય બન્યું



મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ અને ઇશા ફાઉન્ડેશનના સંસ્થાપક આધ્યાત્મિક ગુરુ સદગુરુ જગ્ગી વાસુદેવની પ્રેરક ઉપસ્થિતીમાં રાજ્ય સરકારના કલાયમેટ ચેન્જ વિભાગ અને ઇશા આઉટરિચ વચ્ચે કલાયમેટ એક્શન-જમીન સંરક્ષણ અંતર્ગત 'માટી બચાવો - સેવ સોઇલ' માટેના MoU અમદાવાદમાં કરવામાં આવ્યા હતા. 'માટી બચાવો' અભિયાન માટે વિશ્વવ્યાપી જાગૃતિ કેળવવા ઇશા ફાઉન્ડેશનના સ્થાપક જગ્ગી સદગુરૂ ૧૦૦ દિવસીય ૩૦ હજાર કિલોમીટરની બાઇક યાત્રા પર નીકળ્યા છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં રાજ્ય સરકારના કલાયમેટ ચેન્જ વિભાગે કરેલા આ 'સેવ સોઇલ' MoU વડાપ્રધાનશ્રીએ આપેલા 'બેક ટુ બેઝિક' અને પ્રાકૃતિક ખેતીના વિચારને સાકાર કરવામાં દેશભરમાં ગુજરાતની આગવી પહેલ બન્યા છે. મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે આ પ્રસંગે કહ્યું કે આ અભિયાનમાં ગુજરાત અગ્રિમ રહી યોગદાન આપી શકવા શું કરી શકે તે દિશામાં પણ આવનારા દિવસોમાં સક્રિયતાપૂર્વક આગળ વધીશું.

(Source : https://cmogujarat.gov.in)


Contact Address
**Gujarat State Non-Resident Gujaratis' Foundation**
Block No. 16, 3rd Floor,
Udhyog Bhavan, Sector - 11,
Gandhinagar.
Phone : +91-79-23238278
E-mail : nrgfoundation@yahoo.co.in
www.facebook.com/GSNRGF



FOR
PRIVATE CIRCULATION ONLY


વહાલા બિન નિવાસી ગુજરાતી મિત્રો,
NRG Times માટે આપનો પ્રતિભાવ તેમજ કોઇ સુચન હોય તો મોકલી આપવા વિનંતી છે. જેથી આપના માટે પ્રકાશિત થતાં આ મેગેઝીનને વધુ ઉપયોગી બનાવી શકાય.

## છત્તીસગઢ ખાતે ગુજરાત સમાજ ભવનનું ભૂમિપૂજન



છત્તીસગઢના મહાસમુંદ ખાતે ગુજરાતી સમાજ ભવનનું ભૂમિપૂજન કરવામાં આવ્યું હતું. ૧૨ જૂને શહેરના વોર્ડ-૧૩માં ગુજરાતી સમાજ માટે નિર્માણ થનાર કોમ્યુનિટી બિલ્ડીંગના કામના ભૂમિપૂજન સમારોહના મુખ્ય અતિથિ તરીકે સંસદીય સચિવ અને ધારાસભ્ય વિનોદ ચંદ્રાકર ઉપસ્થિત રહ્યા હતા. આ ભવન માટે ધારાસભ્ય ફંડમાંથી પાંચ લાખના આપવામાં આવશે. આ પ્રસંગે સમાજના પદાધિકારીઓ અને જનપ્રતિનિધિઓ હાજર રહ્યા હતા. (Source : https://visionnewsservice.in)

## ન્યુજર્સી ખાતે ગુજરાતી લિટરરી એકેડેમીના ઉપક્રમે આદિલ મનસુરીને ભાવાંજલિ



ગુજરાતી ગઝલને લોકપ્રિય અને લોકભોગ્ય બનાવી વૈશ્વિક ઓળખ અપાવનાર લબ્ધ પ્રતિષ્ઠિત શાયર આદિલ મનસુરીના ગઝલ ક્ષેત્રે અપ્રતિમ યોગદાનને ભાવાંજલિ આપવા અમેરિકામાં ટીવી એશિયા ઓડિટોરિયમ એડિસન ન્યુજર્સી ખાતે ૨૮ મે ૨૦૨૨ના રોજ ગુજરાતી લિટરરી એકેડેમી ઓફ નોર્થ અમેરિકા, ભારતીય વિદ્યા ભવન તથા ટીવી એશિયાના સંયુક્ત ઉપક્રમે એક કાર્યક્રમ યોજાયો હતો જેમાં ગુજરાતના અને અમેરિકાના સ્થાનિક નવ લબ્ધ પ્રતિષ્ઠિત કવિઓએ આદિલ મનસુરીની મધુર યાદો તાજી કરી પોતાની મૌલિક કૃતિઓનું પઠન કરી તેમને અંજલિ આપી હતી.

(Source : www.akilanews.com)

## દમણની મહિલાઓના ગૃહ ઉદ્યોગનો સ્વાદ સાત સમુદ્ર પાર પહોંચ્યો



દેશમાં મહિલાઓને આત્મનિર્ભર બનાવવા વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા શરૂ કરાયેલ મહિલા સ્વાવલંબન અભિયાન અંતર્ગત કેન્દ્રશાસિત પ્રદેશ દાનહ અને દમણ-દીવના પ્રશાસક પ્રફુલ્લ પટેલના માર્ગદર્શનથી પ્રદેશને સફળતા મળી રહી છે. દમણની મહિલાઓ દ્વારા તૈયાર કરાયેલા અથાણાં, મશરૂમ અને પાપડ સહિતની અન્ય વસ્તુઓ દમણની હોટેલોમાં ખરીદવામાં આવતી હતી. પરંતુ હવે લંડનથી પણ આ મહિલાઓના ગૃહઉદ્યોગ દ્વારા તૈયાર કરાયેલા પાપડનો ઓર્ડર આવી રહ્યો છે. પ્રશાસક પ્રફુલ્લ પટેલના માર્ગદર્શન હેઠળ દમણ જિલ્લા પંચાયત વેપાર સમિતિના અધ્યક્ષ ફાલ્ગુની પટેલના પ્રયાસોથી આ સફળતા મળી છે. (Source : www.divyabhaskar.co.in)

## ગુર્જર હિન્દુ યુનિયનને સેવાકાર્યો માટે એમબીઇ સન્માન



ગુર્જર હિન્દુ યુનિયન (જીએચયુ)ને સમાજસેવા ક્ષેત્રે પ્રશંસનીય પ્રદાન બદલ પ્રતિષ્ઠિત ક્વીન્સ એવોર્ડ - MBE સન્માન એનાયત થયું છે. ક્રોલીના સંતરામ મંદિર સ્થિત એપલ ટ્રી સેન્ટરમાં યોજાયેલા કાર્યક્રમમાં વેસ્ટ સસેક્સના લોર્ડ-લેફ્ટનન્ટ સુસાન પાઇપરના હસ્તે એવોર્ડ અને સર્ટિફિકેટ એનાયત થયા હતા. જીએચયુ વતી બોર્ડ ઓફ ગવર્નર્સ ભરતભાઇ લુક્કા, ચંદુભાઇ નાયી, રોહિતભાઇ પટેલ અને એમ્બેસેડર અશ્વિનભાઇ સોનીએ આ સન્માન સ્વીકાર્યું હતું. આ પ્રસંગે બિપિનભાઇ ચોટાઇ, ઇલેશભાઇ પટેલ, કિરીટભાઇ પટેલ, ઉમેશભાઇ નાયી, જીજ્ઞેશભાઇ ગઢવી ઉપસ્થિત રહ્યા હતા.

(Source : www.gujarat-samachar.com)

## કાન્સ ફિલ્મ ફેસ્ટિવલમાં બે કચ્છીની કમાલ






૨૮ મેના રોજ યોજાયેલ ૭૫મા કાન્સ ફિલ્મ ફેસ્ટિવલના સમાપન સમારોહમાં આમંત્રણ મળતા મૂળ કચ્છની અભિનેત્રી કોમલ ઠક્કરે સ્ટાઇલિશ રોયલ ગાલા લુક સાથે ઉપસ્થિત રહી હજારો લોકો વચ્ચે રેડ કાર્પેટ વોક કરવાની તક ઝડપી લીધી હતી. તેના કોસ્ચ્યૂમ તૈયાર કરનાર બોલિવૂડ ફેશન-ડિઝાઇનર નિકેતા ઠક્કર પણ મૂળ કચ્છનાં છે. મૂળ અબડાસાના ભવાનીપરના પ્રોડ્યુસર વિનોદ ભાનુશાલીએ વર્ષો સુધી ટી-સિરીઝમાં મહત્ત્વપૂર્ણ જવાબદારી નિભાવ્યા બાદ હવે પોતાની નવી કંપની બનાવી છે. તેમણે કાન્સ ફિલ્મ ફેસ્ટિવલમાં પોતાની આગામી ફિલ્મ ‘સફેદ’નું પોસ્ટર લોન્ચિંગ ભારતીય મ્યુઝીક ડાયરેક્ટર એ.આર.રહેમાન સાથે કર્યું હતું.

(Source : www.divyabhaskar.co.in)

## કારનું ‘VAPI’ રજિસ્ટ્રેશન કરાવી વતન પ્રેમ દર્શાવ્યો




વિદેશ જતા ભારતીયો પોતાના વતન પ્રત્યેનો પ્રેમ અનેક રીતે વ્યક્ત કરતા હોય છે. અનેક વિદેશીઓ પોતાની કારની નંબર પ્લેટ પોતાની સરનેમ અથવા પોતાની નામની બનાવતા હોય છે. પરંતુ વાપીની એક દિકરીએ પોતાની કારની નંબર પ્લેટ વાપી નામની લઇ વતન પ્રત્યે અનોખો પ્રેમ વ્યક્ત કર્યો છે. વાપીના શિશુપાલ વેપારીની પુત્રી વૈશાલી થોડા વર્ષોથી અમેરિકા સ્થાયી થઇ છે. આઇટી સેક્ટર સાથે જોડાયેલી વૈશાલીને અમેરિકામાં પણ વાપીની સતત યાદ આવતી રહે છે જેના કારણે તેણે પોતાની કારની નંબર પ્લેટ વાપીના નામની લઇ લીધી છે. (Source : www.divyabhaskar.co.in)

# જિલ્લા, રાજ્ય કે દેશ બહાર વસતા કોઈ પણ દાતા અથવા ગામના વ્યક્તિના દાન અને રાજ્ય સરકારશ્રીના અનુદાનથી ગામડાઓમાં વધુ સારી સગવડો ઉભી કરવાની અને દાતાઓને પ્રોત્સાહન આપવાની 'વતન પ્રેમ યોજના'

ગુજરાત સરકાર દ્વારા તા. ૧૮/૦૮/૨૦૨૦ના ઠરાવથી જિલ્લા, રાજ્ય કે દેશ બહાર વસતા કોઈ પણ દાતા અથવા ગામના વ્યક્તિના દાન અને રાજ્ય સરકારશ્રીના અનુદાનથી ગામડાઓમાં વધુ સારી સગવડો ઉભી કરવા અને દાતાઓને પ્રોત્સાહન આપવા માટે 'માદરે વતન યોજના' અમલમાં મૂકવામાં આવી હતી.

ગુજરાતના ગામડાઓના સર્વાંગી વિકાસ કાર્યો અને ઉત્તમ જનસુવિધાઓ થકી વતન પ્રેમીઓને જન્મભૂમિ, માતૃભૂમિનું ઋણ ચૂકવવાની ઉત્તમ તક આપવા જન હિત વિકાસ કાર્યોમાં જન ભાગીદારીના સૌથી મોટા અભિયાન તરીકે આ યોજના રાજ્ય સરકારશ્રી દ્વારા દાખલ કરવામાં આવી હતી. આ યોજના દ્વારા સરકાર, દાતાઓ તેમજ ગામના લોકો વચ્ચે જન કલ્યાણ - વિકાસકીય ત્રિવેણી સંગમ થકી ગામમાં સુવિધાઓ વધારી ગામને વધુ જીવંત બનાવવાની કલ્યાણકારી ભાવના સાથે અમલમાં મુકવામાં આવી હતી. આ યોજનાનો વ્યાપ અને અગત્યતા ધ્યાને લઈને યોજનાના વધુ અસરકારક અમલ માટે મૂળ યોજનામાં જરૂરી સુધારા-વધારા કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

પુખ્ત વિચારણાના અંતે યોજનાની મૂળ જોગવાઇઓમાં ફેરફાર કરીને નીચેની જોગવાઇઓને આધીન રહીને અમલીકરણ કરવાનું ઠરાવવામાં આવ્યું છે.

(૧) આ યોજનાનું નામ 'વતન પ્રેમ યોજના' રહેશે.

(૨) યોજના હેઠળ લઈ શકાય તેવા કામોની સૂચિઃ

૧. શાળાના ઓરડા અથવા સ્માર્ટ કલાસ
૨. કોમ્યુનિટી હોલ
૩. પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર (આરોગ્ય વિભાગ દ્વારા સેટ અપ મંજૂર થયેલ હોવું જોઈએ) - પેટા આરોગ્ય કેન્દ્રનું મકાન
૪. આંગણવાડી - મધ્યાહન ભોજનનું રસોડુ - સ્ટોરરૂમ
૫. પુસ્તકાલય
૬. રમતગમત માટે વ્યાયામ શાળાનું મકાન અને સાધનો.
૭. સી.સી.ટી.વી. કેમેરા સર્વેલન્સ સિસ્ટમ
૮. સ્મશાનગૃહ
૯. વોટર રીસાયકલીંગની વ્યવસ્થા તથા ગટર/STP ઇત્યાદી
૧૦. તળાવ બ્યુટીફીકેશન
૧૧. એસ.ટી.સ્ટેન્ડ
૧૨. સોલર એનર્જી સ્ટ્રીટલાઇટ અને પાણીના ટ્યુબવેલ-કુવાની-પાણીની ટાંકીની મોટર ચલાવવા માટે

(૩) ઉપરોકત કામોના નિયત ખર્ચ પૈકી દાતા/દાતાઓ પોતાના ગામમાં ૬૦ ટકા કે તેથી વધુ રકમનું દાન આપીને કામ કરાવી શકશે. દાતાના રકમની સામે ખૂટતી ૪૦ ટકા રકમનું રાજ્ય સરકાર અનુદાન કરશે.

(૪) આ યોજનાના અસરકારક અમલીકરણ માટે 'વતન પ્રેમ યોજના સોસાયટી'ની રચના કરાવાની રહેશે. આ સોસાયટી અંતર્ગત ગવર્નિંગ બોડી અને કારોબારી સમિતિ રહેશે. માન. મુખ્યમંત્રીશ્રી આ સોસાયટીની ગવર્નિંગ બોડીના અધ્યક્ષ રહેશે જ્યારે માન. રા.ક.મંત્રીશ્રી (પંચાયત) તેના ઉપાધ્યક્ષ રહેશે. અધિક મુખ્ય સચિવશ્રી (પંચાયત) કારોબારી સમિતિના ચેરમેન રહેશે.

(૫) આ યોજનાના કામો કરવા માટે 'વતન પ્રેમ સોસાયટી' દ્વારા Project Management Unit (PMU) ની રચના કરવામાં આવશે. P M U દ્વારા આ યોજનાના અસરકારક અમલીકરણ માટે વેબ પોર્ટલ અને મોબાઈલ એપ તૈયાર કરવામાં આવશે. આ પોર્ટલ દ્વારા દાતાઓના દાનની રકમ તથા સરકારની અનુદાનની રકમ યોજના માટે ખોલાવેલ અલગ એકાઉન્ટમાં જમા થશે. આ રકમ જમા થયા પછી જે તે કામ પાછળ ખર્ચ કરી શકાશે. કોઈ પણ શિડ્યુલ બેન્કની મદદથી પોર્ટલ ખુલશે, પોર્ટલ ઉપર કામોની વિગત, કામની ટાઈપ ડિઝાઈન, કામના અંદાજ દર્શાવવામાં આવશે જેથી દાતાને દાન આપવા માટે તમામ માહિતી મળી શકે અને સુવિધા રહે.

## બિન-નિવાસી ગુજરાતીઓને પ્રતિષ્ઠાન સાથે જોડાવા આહ્વાન



અત્યાર સુધીમાં અનેક બિન-નિવાસી ગુજરાતીઓ ગુજરાત રાજ્ય બિન-નિવાસી ગુજરાતી પ્રતિષ્ઠાન સાથે જોડાઇ ચૂક્યા છે.

**આપ જોડાયા?**

જો આપ ન જોડાયા હોવ તો આજે જ આપનો ડેટાબેઝ (નામ અને સંપર્કની વિગતો) ઈ-મેઇલ (nrgfoundation@yahoo.co.in) દ્વારા , કુરિયર કે પોસ્ટ દ્વારા મોકલી ગુજરાત રાજ્ય બિન-નિવાસી પ્રતિષ્ઠાન સાથે જોડાવા હાર્દિક આહ્વાન છે.

## બિન-નિવાસી ગુજરાતીઓને ક્ષેત્રિય કક્ષાએ સુવિધાઓ પુરી પાડતા એન.આર.જી. સેન્ટર



બિન-નિવાસી ગુજરાતીઓને ક્ષેત્રિય કક્ષાએ સુવિધાઓ પુરી પાડવા ગુજરાત રાજ્ય બિન નિવાસી ગુજરાતી પ્રતિષ્ઠાને ગુજરાતભરમાં અમદાવાદ, આણંદ, સુરત, વડોદરા, રાજકોટ અને મહેસાણા જેવા મુખ્ય શહેરોમાં એન.આર.જી. સેન્ટર્સ સ્થાપ્યા છે જે બિન નિવાસી ગુજરાતીઓને સુવિધાઓ પુરી પડે છે.
આ સેન્ટર્સ નીચે પ્રમાણેની સુવિધાઓ પુરી પડે છે.

- પ્રવાસન માર્ગદર્શન
- નિવાસ માર્ગદર્શન
- તબીબી સેવાઓમાં માર્ગદર્શન
- વ્યાપાર તકો અંગે માર્ગદર્શન
- શૈક્ષણિક તકો અંગે માર્ગદર્શન
- વિદેશી ચલણ મેળવવા અંગે માર્ગદર્શન
- ખરીદી અંગે માર્ગદર્શન
- બિન નિવાસી ગુજરાતી ડિરેક્ટરીમાં મદદ
- ગુજરાત કાર્ડની અરજીઓ સ્વીકારવી

## ગુજરાત કાર્ડ ઓનલાઈન મેળવો



બિન - નિવાસી ગુજરાતીઓની ગુજરાત મુલાકાત યાદગાર બનાવવા ગુજરાત રાજ્ય બિન-નિવાસી ગુજરાતી પ્રતિષ્ઠાન દ્વારા 'ગુજરાત કાર્ડ' એક આગવી ઓળખ આપવામાં આવે છે. વિદેશમાં વસતા તથા ભારતમાં ગુજરાત બહાર વસતા બિન-નિવાસી ગુજરાતીઓને રૂ.૨૨૫ અથવા ૫ (પાંચ) યુ.એસ. ડોલરની નજીવી કિંમતે ગુજરાત કાર્ડ આપવામાં આવે છે. આ કાર્ડ હવે પ્રતિષ્ઠાનની વેબસાઇટ www.nri.gujarat.gov.in પરથી ઓનલાઇન ફોર્મ ભરી સાથે જરૂરી દસ્તાવેજો જોડી તેમજ પેમેન્ટ ગેટ વે દ્વારા ઓનલાઇન ફી ભરી મેળવી શકાય છે.



## ગુજરાતી બાળસાહિત્યનું અમર પાત્ર

# બકોર પટેલ

બકોર પટેલ એ હરિપ્રસાદ વ્યાસ દ્વારા સર્જિત બાળસાહિત્યનું રમૂજી કાલ્પનિક પાત્ર છે, જેની વાર્તાઓ ગાંડીવ સાહિત્ય મંદિર, સુરત દ્વારા પ્રકાશિત બાળસાહિત્ય પખવાડિક ગાંડીવમાં પ્રકાશિત કરવામાં આવતી હતી. બકોર પટેલની આ રમૂજી વાર્તાઓ ૧૯૩૬માં પ્રથમ પ્રકાશિત થઈ હતી અને ૧૯૫૫ સુધી ચાલુ રહી હતી. આ વાર્તાઓમાં બકોર પટેલની પત્ની શકરી પટલાણીનો પણ સમાવેશ થાય છે. આ વાર્તાઓની સાથેના ચિત્રો સુરતના કલાકાર ભાઈઓ તનસુખ અને મનસુખ દ્વારા દોરવામાં આવતા હતા.

ગુજરાતી બાળભોગ્ય કથાશ્રેણીનું જાણીતું પાત્ર ‘બકોર પટેલ’ એ બાલસાહિત્યકાર હરિપ્રસાદ મણિરાય વ્યાસ કૃત ત્રીસ ભાગની કથાશ્રેણી છે અને બકોર પટેલ એ આ શ્રેણીનું મુખ્ય, બાળખ્યાત અને બાળપ્રિય એવું પાત્ર છે. ગુજરાતી બાલકથાસાહિત્યમાં હાસ્યરસનો પ્રવાહ વહેવડાવવામાં અને તેને સુઘટ્ટ બનાવવામાં જે કેટલાંક પાત્રોનો ફાળો છે, તેમાં બકોર પટેલ મુખ્ય અને પ્રથમ છે. અલબત્ત, તેમના પછી તરત જ જીવરામ જોષીના ‘મિયાં ફૂસકી’એ પણ એટલું જ પ્રભાવક કાર્ય કર્યું છે. ‘બકોર પટેલ’ એ સૂરતની ‘ગાંડીવ’ સંસ્થાનું ગુજરાતી બાળકોને અપાયેલું અણમોલ નજરાણું છે.

‘ગાંડીવ’ સંસ્થાના સૂત્રસંચાલક નટવરલાલ માળવી સાથે ગુજરાતી બાલકથાસાહિત્યમાં પ્રાણીપાત્રોવાળી કથાઓની ઊણપને દૂર કરવા સંદર્ભે હરિપ્રસાદભાઈને ચર્ચાવિચારણા થઈ ને તેમાંથી બકોર પટેલની પાત્રસૃષ્ટિ રચાઈ. હરિપ્રસાદભાઈને મોસાળના બકોરભાઈ મુખી યાદ આવ્યા, ને પોતાના પાત્રનું નામ સૂઝ્યું ‘બકોર પટેલ’ અને પાત્ર તરીકે લીધો બકરો. તેમની પત્નીનું નામ બકરી ઉપરથી ‘શકરી’ પટલાણી રાખ્યું ને ક્રમશઃ પ્રાણીમુખ-નામ ધરાવતી, પણ જેનાં વાણી-વર્તન, રહેણી-કરણી સર્વ માણસ જેવાં હોય તેવી પાત્રસૃષ્ટિ રચાઈ. બીજી બાજુએ જોઈએ તો, રશિયન બાળસાહિત્યમાં પ્રાણીઓના નિમિત્તે માનવસમાજ પર ટીકા કરનારી કથાઓ મળે છે અને તેનો ઉલ્લેખ નટવરલાલને ‘Red Virute’ by Ella Winterમાંથી મળ્યો. એની ચર્ચા પણ હરિપ્રસાદભાઈ સાથે થઈ ને આ બધાંના પરિણામે આ શ્રેણીનું કમઠાણ – કાઠું – બંધાયું. આ પાત્રસૃષ્ટિમાં તેમના ચહેરાઓ તેઓ જે પ્રાણીનું નામ ધરાવતા હોય તે પ્રાણીના રાખવામાં આવ્યા છે; જેમ કે હાથીશંકરનો ચહેરો હાથી જેવો, ડૉક્ટર ઊંટડિયાનું વદન ઊંટ જેવું, ડાઘિયા જમાદાર ડાઘિયા કૂતરાનો ચહેરો ધરાવે. વળી એ નામો સાથે ગુણવાચકતાનો ખ્યાલ પણ સાંકળવામાં આવ્યો છે.

૧૯૩૬થી તે શ્રેણી લખાવા માંડેલી અને લગભગ દોઢ દાયકા સુધી એનાં પાત્રોએ – ખાસ કરીને બકોર પટેલે – બાળકો અને પ્રજાના હૃદયમાં આનંદથી સ્થાન જમાવી રાખેલું. આ પાત્ર પોતાના ગોટાળા–ફજેતા દ્વારા બાળકોનું મનોરંજન કરે છે, તેમને હસાવે છે, તો સાથે પોતાના જેવી હાસ્યાસ્પદ સ્થિતિના ભોગ બાળકો ન બને તેવું શિખવાડે છે.

બકોર પટેલ ઉતાવળિયા, ભુલકણા અને રઘવાટિયા છે. તેમને જેવો તુક્કો આવે કે તરત તેનો અમલ કરે. આથી અનેક પ્રકારના છબરડાઓનો ભોગ તેઓ બનતા રહે છે; જેમ કે, નાટક જોવા ગયેલા બકોર પટેલ ખાળમાંથી વંદા ન આવે માટે ખાળ બંધ કરી દે છે ને પાણીનો નળ ખુલ્લો રાખે છે. નાટક જોઈ આવે છે ત્યારે ઘર આખું જળબંબાકાર! ઉતાવળાપણાથી થતા ગેરલાભો કે ફજેતાઓ, ખોટી ડંફાસ કે મિથ્યાભિમાનથી થતી નુકસાની આવી અનેક બાબતોમાં તે બાળકોને પોતાના ભોગે શિક્ષણ આપે છે. એમના આવા બધા પ્રસંગોની રજૂઆતમાં લેખક કહેવતો – રૂઢિપ્રયોગોને પણ વણી લે છે, જેથી બાળકોને તેમનો પરિચય થાય છે. ક્યારેક લોકોની ખોટી માન્યતાઓનો કેવી રીતે બીજાઓ લાભ લે છે તે બતાવી સમાજનું વાસ્તવિક પ્રતિબિંબ પણ આ શ્રેણીમાં રજૂ કરવામાં આવ્યું છે.


બકોર પટેલ મોટા છબરડા જ વાળતા નહોતા, બુદ્ધિભરેલા પ્રયોગો પણ કરતા હતા. આવી અનેક કથાઓમાંની એક પ્રયોગાત્મક કથા ‘શૂરીપાક’ની છે, જેમાં બોલતી વખતે થતી શબ્દોની અવળાસવળીથી કેવી રમૂજ ફેલાય છે અને અનર્થ થાય છે તે બતાવાયું છે. ‘પૂરીશાક’ને બદલે ‘શૂરીપાક’, ‘પાકીટ’ને બદલે ‘કાપીટ’, ‘ક્યાં માંદો છું?’ ને બદલે ‘ક્યાં કાંદો છું?’, ‘સૂરણ’ને બદલે ‘ચૂરણ’ જેવા કથામાં પ્રયોજાતા શબ્દો- વાક્ય-પ્રયોગો બાળકોને આનંદ પમાડે છે. એ જ રીતે પ્રયોગ તરીકે ‘વાતોનાં નામ શોધો’ કથા છે; જેમાં બકોર પટેલની જ જુદી જુદી કથાઓનાં શીર્ષકો સાંકળી લેવામાં આવ્યાં છે. આમ અનેકવિધ રીતે આ કથાશ્રેણી બાળકોને આકર્ષે છે, હસાવે છે ને સાથે શીખવવા જેવું શીખવે છે. જોકે ક્યારેક તેમની વાતોમાં અસંભવિતતાનું તત્વ આવી જાય છે, પણ બાળકોને દુનિયાદારીના વાતાવરણનો વાસ્તવિક પરિચય આપવામાં તે સફળ રહે છે. બકોર પટેલની વાતોમાં સૂક્ષ્મ રીતે જોઈએ તો આખરે તો એમાં ‘ઈસપનીતિ’નું જ કે ‘પંચતંત્ર’ કે ‘હિતોપદેશ’નું અર્વાચીન સાતત્ય જળવાઈ રહે છે.

બકોર પટેલને મધ્યમ વયના વ્યાપારી તરીકે તેમની પત્ની શકરી પટલાણી સાથે મુંબઈમાં રહેતા દર્શાવવામાં આવ્યા છે. તેમને કોઈ ભાઈ-બહેન કે બાળકો નથી. તેમના માતા-પિતા વિશે પણ કોઈ માહિતી નથી. તેમને મુંબઈથી જાપાન સાથે વેપાર કરતી પેઢી છે. ૧૯૪૦-૫૦ના દાયકામાં તેઓ ઉપરી-મધ્યમવર્ગનું જીવન ગાડી અને બંગલા સાથે જીવે છે. તેમના મિત્રોમાં વકીલ તરીકે વાઘ-વાઘજીભાઈ વકીલ; હાથી-હાથીભાઈ ધમધમિયા; ઊંટ ડોક્ટર તરીકે ઊંટડિયા ડોક્ટર; પંડિત-ટીમુ પંડિત, જિરાફ જોશી, બાંકુભાઇ અને બીજા અન્યોનો સમાવેશ થાય છે. કેટલીક વખત કેટલાંક સ્ત્રી પાત્રો તરીકે પાત્રોની પત્ની અને અન્ય પાત્રો જેવા કે ખુશાલડોશી દર્શાવવામાં આવ્યા છે.




વાર્તાઓનો કાળ મુંબઈમાં ૧૯૪૦ અને ૧૯૫૦ના દાયકાઓ છે. બકોર પટેલને વ્યાપાર માટે પ્રવાસ કરતાં કૌટુંબિક વ્યક્તિ તરીકે અને તેમનાં કુટુંબ અને મિત્રો સાથે સમય વ્યતિત કરતા દર્શાવવામાં આવ્યા છે. તેમની પત્ની સાથે તેમને ઉમદા સંબંધો છે. તેઓ હંમેશા નાના સાહસો ખેડે છે જેનો અંત હંમેશા ઊંધો આવે છે. તેમ છતાંય તેઓ તેમના સાહસની નિષ્ફળતાને માણે છે અને નવું સાહસ કરવા તૈયાર રહે છે. તેમનું કુટંબ અને મિત્રો તેમના સાહસોમાં સાથ આપે છે અને તેને આનંદથી માણે છે.

નટવરલાલ માળવીના માલિકીના ગાંડીવ સાહિત્ય મંદિર, સુરત દ્વારા ગુજરાતીમાં બાળકો માટેનું પખવાડિક ગાંડીવ ઓગસ્ટ,૧૯૨૫માં શરૂ કરવામાં આવ્યું હતું, જે છેક ૧૯૭૩ સુધી પ્રકાશિત થતું હતું. ગાંડીવમાં હરિપ્રસાદ વ્યાસની બકોર પટેલની રમૂજી વાર્તાઓ સૌપ્રથમ ૧૯૩૬માં પ્રકાશિત થઈ હતી અને ૧૯૫૫ સુધી ચાલતી રહી. આ વાર્તાઓ સામાજીક પાર્શ્વભૂમિ ધરાવતી હતી અને શહેરના ઉપરી મધ્યમ વર્ગની સામાન્ય વિગતો ધરાવતી હતી. આ વાર્તાઓ મોટા અક્ષરોમાં ચિત્રો સાથે છાપવામાં આવતી હતી. આ લખાણ અને ચિત્રો સુરતના કલાકાર ભાઈઓ તનસુખ અને મનસુખ દ્વારા તૈયાર કરવામાં આવતા હતા.




આ કથાશ્રેણીએ નિર્દોષ હાસ્યરસ ભરપૂર રેલાવ્યો છે. આ કથાઓમાં પાત્રોને જુદાં જુદાં પ્રાણીઓના ચહેરા આપ્યા, તેથી જ કાંઈ હાસ્ય નીપજ્યું નથી, એમના દ્વારા વાસ્તવિક જીવનમાં જે બેહૂદાપણું છે તે જે રીતે પ્રગટ થયું છે તેમાંથી હાસ્ય નીપજ્યું છે, જે બાલભોગ્ય પણ બન્યું છે. બીજું, આ કથામાળામાંથી સાક્ષીભાવે મોટેરાંઓ પણ હાસ્યાનંદ પ્રાપ્ત કરે છે, એ પણ એની લોકપ્રિયતાનું મહત્વનું કારણ છે. ૧૯૯૫-૯૬ના વર્ષ દરમિયાન તેનું સુંદર રંગબેરંગી ચિત્રોની સજાવટથી પુન:પ્રકાશન થયું છે જેમાં વાર્તાઓ મોટા અક્ષરોમાં રંગીન ચિત્રો સાથે પ્રકાશિત કરવામાં આવી હતી. નવી આવૃતિમાં ચિત્રો વી. રામાનુજ દ્વારા ફરી દોરવામાં આવ્યા ત્યારે તે મૂળ ચિત્રોથી સહેજ અલગ હતા. મહેન્દ્ર મેઘાણી દ્વારા સંપાદિત અને પિયુષ જોષી દ્વારા અંગ્રેજીમાં અનુવાદિત વાર્તાઓ નેશનલ બુક ટ્રસ્ટ દ્વારા ૨૦૦૯માં પ્રકાશિત કરવામાં આવી હતી.

આ વાર્તાઓ બાળકોમાં તેમજ મોટેરાંઓમાં લોકપ્રિય હતી, ગુજરાતમાં હજુ પણ લોકપ્રિય છે અને ગુજરાતી ભાષામાં બાળસાહિત્યમાં એક સીમાચિહ્ન તરીકે ગણાય છે. બકોર પટેલની સફળતાને કારણે તેના જેવું અન્ય પાત્ર ગલબો શિયાળ રમણલાલ સોની વડે સર્જવામાં આવ્યું હતું. આ વાર્તાઓએ તારક મહેતાની સમાન સામાજીક ભૂમિકા ધરાવતી શ્રેણી દુનિયાના ઊંધા ચશ્માને પણ પ્રભાવિત કર્યું છે. ગુજરાતી હાસ્યસાહિત્યમાં અભૂતપૂર્વ કહેવાય એવી પાત્રસૃષ્ટિ સર્જનાર તારક મહેતાએ લખ્યું છે કે, ‘બકોર પટેલ વાંચ્યે તો વર્ષો થઇ ગયાં, પણ એની પાત્રસૃષ્ટિ મારી ચેતનામાં એવી ઊંડી ઉતરી ગઇ છે કે મારાં પાત્રો જાણે ‘બકોર પટેલ’નાં પાત્રોનો માનવઅવતાર ન હોય! એવું બીજાંઓને લાગતું હોય કે ન લાગતું હોય, મને તો લાગે જ છે. ‘તારક મહેતાકા ઉલ્ટા ચશ્મા’ની ટીવી શ્રેણીએ મને ઘણો યશ અપાવ્યો છે. પણ ડગલે ને પગલે છબરડા વાળતા મારા ‘જેઠાલાલ’માં જાણે બકોર પટેલનો પુનર્જન્મ થયાનું મને લાગે છે. ‘દયા’ શકરી પટલાણીની યાદ અપાવે છે, તો ડૉક્ટર હાથી અનેક રીતે હાથીશંકરની યાદ અપાવે છે.’

‘બકોર પટેલ’ ગુજરાતી બાળકથાસાહિત્યના હાસ્યરસમાં અગ્રિમ સ્થાન ધરાવે છે.

(Sources: https://gujarativishwakosh.org, www.gujaratilexicon.com, https://gu.wikipedia.org)

# છત્રપતેશ્વર મહાદેવ મંદિર






પાટણમાં એક એવું શિવાલય છે જે શિવાલયને તૈયાર કરવા માટે અલગ-અલગ રંગના પથ્થરોથી છત્રી જેવા સ્થાપત્ય થકી નિર્માણકાર્ય કરવામાં આવ્યું છે. જેને છત્રપતેશ્વર મહાદેવનું નામ અપાયું છે.

પાટણના દામજીરાવ બાગમાં વર્ષ ૧૭૭૩મા મહારાજા ગાયકવાડ સરકારે દામજીરાવની યાદમાં આ મંદિર બનાવ્યું હતું. તે સમયે આ મંદિર બાંધવાનો ખર્ચ ૨૫૦૦૦ રૂપિયા આવ્યો હતો. આ મંદિરનું સ્થાપત્ય દક્ષિણ ભારતના મંદિરોને મળતું આવે છે. મંદિરના નિર્માણમા પથ્થરો અને ચુનાનો ઉપયોગ કરવામાં આવ્યો છે. રાજવી પરિવારના આ મંદિરમાં ૩૬ થાંભલાઓ છે. પાટણનું આ પ્રાચીન છત્રપતેશ્વર મહાદેવ સ્થાપત્યની દ્રષ્ટિએ કલાકારીગરીનો બેનમૂન નમૂનો છે. બગીચાની મધ્યમાં મંદિર યોગ્ય ઉંચાઈ પર બાંધવામાં આવ્યું છે. છાયા મંડપમાં ગોપ-ગોપીઓ, રાસક્રીડાની સુંદર કલા કૃતિઓ મંદિરની દીવાલો પર જોવા મળે છે. આ મંદિરમાં ભગવાન સદાશિવના સંપૂર્ણ પરિવારના એક સાથે દર્શન ભક્તોને થાય છે. અહીં કાર્તિક સ્વામીનું મંદિર પણ આવેલું છે જે વર્ષમાં એક જ વખત કારતક સુદ પૂનમના દિવસે ખૂલે છે. અહીંના રમણીય અને આહ્લાદક વાતાવરણ વચ્ચે શિવભક્તો શિવ આરાધનામાં લિન બની જાય છે.

(Source : www.etvbharat.com)






## ગણિત ક્ષેત્રે અનોખી સિદ્ધિ મેળવનાર
# ગુજરાતનું ગૌરવ ધૈર્ય શાહ

ગુજરાતી લોકો આમ તો વેપારી પ્રજા છે, જે દરેક જગ્યાએ 'હિસાબ'ના ગણિતને વર્ષોથી વાપરે છે, પણ આ વેપારી પ્રજામાંથી ઘણા એવાં રત્ન પણ પાકે છે જે ગુજરાતનું નામ વિશ્વમાં રોશન કરે છે. આવો જ એક વ્યક્તિ એટલે નડિયાદના વાણિયાવાડમાં રહેતો ધૈર્ય શાહ. પંડિત દીનદયાલ એનર્જી યુનિવર્સિટીમાંથી B.Sc (Hons.) મેથેમેટિક્સમાં ડીગ્રી લઈને ધૈર્ય હાલ માસ્ટર ડીગ્રી માટેની તૈયારી કરી રહ્યો છે. અત્યાર સુધીમાં ધૈર્યનાં ૧૦ રિસર્ચ પેપર રજૂ થઈ ગયાં છે.


ધૈર્યે રજૂ કરેલા દરેક પેપરમાં અંકશાસ્ત્રને લગતી નવી-નવી ફોર્મ્યુલા આપી છે. હાલમાં જ તેનાં બે પેપર સ્વિટ્ઝર્લેન્ડથી કાર્યરત ઓપન એક્સેસ જર્નલમાં મૂકવામાં આવ્યાં છે. આ બે પેપરથી એક નવું જ ફિલ્ડ ખૂલ્યું છે, જેમાં હજારો રિઝલ્ટ મેળવવા માટે માત્ર એક જ વાર ફોર્મ્યુલા વાપરવાની જરૂર પડશે. આ ઉપરાંત આગામી સમયમાં રિસર્ચ કરનારા મેથેમેટિસિયન્સને તે મદદરૂપ બનશે.

ધૈર્યનું પહેલું પેપર વર્ષ ૨૦૧૮માં રજૂ થયું હતું. તેને ઇમ્પીરિયલ કોલેજ ઓફ લંડન તરફથી પેપર રજૂ કરવા માટે આમંત્રણ આપવામાં આવ્યું હતું. તેના છેલ્લાં બે રિસર્ચ પેપર નંબર ૯ અને ૧૦ બંને પેપર ૧૬૦૦ વર્ષથી ચાલતી ફિબોનાચી નંબરની વિવિધ પ્રકારની મેથડ્સનો સાર છે. આ બધી જ મેથડને સિમ્પ્લિફાઇ કરીને સરળતાથી અનેક રિઝલ્ટ મેળવી શકાય એવી ફોર્મ્યુલા તેણે આપી છે.

ઋષિ પિંગળે ૨૨૦૦ વર્ષ પહેલાં વેદો અને શાસ્ત્રોમાં વપરાતા બંધારણ વિશે સમજ આપી અને 'છંદશાસ્ત્ર' આપ્યું, જેમાં બાયનરી નંબર 0 અને 1 વિશે ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. આ 0 એટલે લઘુ અને 1 એટલે ગુરુ. જે કોઈપણ મંત્ર કે ઋચાના શાસ્ત્રોક્ત બંધારણમાં 'છંદ' તરીકે ઓળખાય છે. ત્યાર બાદ વર્ષો પછી ૧૨૦૨માં ફિબોનાચી નંબરનું સૂત્ર આવ્યું. આ સૂત્ર એટલે પિંગળના કામનું જનરલાઇઝેશન. ફિબોનાચીએ આ 'ફિબોનાચી સિક્વન્સ' આપી તેના હજારો વર્ષ પહેલાં એટલે કે ઇસ. પૂર્વે ૨૦૦માં ઋષિ પિંગળે તેને શ્લોકના ફોર્મમાં ઓલરેડી આપી દીધી હતી. ધૈર્યનું સંશોધન પેપર ફિબોનાચી અને ઋષિ પિંગળ બંનેના કામને જનરલાઇઝ કરે છે, એટલે જ ધૈર્યએ વૈદિક ગણિતના જનક કહી શકાય તેવા ઋષિ પિંગળને ટ્રિબ્યૂટ આપવા માટે ફિબોનાચી સંબંધિત ફંક્શન-ફોર્મ્યુલાને 'શાહ-પિંગળ સૂત્ર' નામ આપ્યું છે.

(Source : www.divyabhaskar.co.in)

# અમદાવાદી યુવાન વિદિત મણિયારનું
## વ્હોટ્સએપના 'EMOJI' રિએક્શન ટૂલમાં યોગદાન






છેલ્લા એકાદ મહિનાથી તમે વ્હોટ્સએપમાં એક નવા ટૂલનો ઉપયોગ કરી રહ્યા હશો, જે વ્હોટ્સએપનું ઇમોજી રિએક્શન ટૂલ છે. આ ટૂલ ક્રિએટ કરવામાં એક અમદાવાદી યુવાનનું યોગદાન છે. આ યુવાનનું નામ છે વીદિત મણિયાર. વિદિત રિએક્શન પ્રોજેક્ટની ટીમમાં હતો જેમાં તેમની ટીમને સફળતા પણ મળી હતી. અમદાવાદના વાડજ વિસ્તારનો વિદિત મણિયાર હાલ મેટા કંપનીમાં સોફ્ટવેર એન્જિનિયર તરીકે નોકરી કરે છે. વિદિત ૯ થી ૧૨ ધોરણ સુધી એચ. બી. કાપડિયા સ્કૂલમાં ભણ્યો છે. તેણે ૧૨ સાયન્સ પાસ કરી ગાંધીનગરમાં એન્જિનિયરિંગ કર્યું છે ત્યારબાદ વિદિતને પહેલી નોકરી એચ. બી. કાપડિયા સ્કૂલમાં જ ફિઝિક્સ શિક્ષક તરીકેની મળી હતી.

ત્યાર બાદ હાયર એજ્યુકેશન માટે વિદિત વિદેશ ભણવા ગયો હતો. જે બાદ પે પલ કંપનીમાં પાંચ વર્ષ સુધી નોકરી કરી હતી. ગયા વર્ષે જ વિદિત મેટા કંપનીમાં સોફ્ટવેર એન્જિનિયર તરીકે જોડાયો હતો. હાલ તે અમેરિકાના કેલિફોર્નિયામાં રહે છે. મેટા કંપનીમાં જોડાયા બાદ વિદિતે અનેક નાનામોટા પ્રોજેક્ટ પર કામ કર્યું હતું. તાજેતરમાં વ્હોટ્સએપમાં મેસેજ પર રિએક્ટ કરવા ઇમોજી આવ્યા છે. આ અપડેટ લાવવા માટે પણ વિદિતે પ્રોજેક્ટ રિએક્શન ટીમ સાથે કર્યું હતું. લાંબા સમયની મહેનત બાદ આ પ્રોજેક્ટ ટીમ સાથે પૂરો કર્યો હતો, હજુ પણ અવનવા અપડેટ અને કરોડો લોકોને કંઈક નવું આપવા વિદિત ટીમ સાથે કામ કરી રહ્યો છે.

આ અંગે વિદિત મણિયારે જણાવ્યું હતું કે, 'હું સ્કૂલમાં ભણતો ત્યારથી હાર્ડ વર્ક અને સ્માર્ટ વર્કમાં માનું છું. વ્હોટ્સએપ પહેલાંથી જ મને ગમતું હતું. અબજો લોકોના જીવનમાં વ્હોટ્સએપથી પરિવર્તન આવ્યું છે. મેં પ્રોજેક્ટ રિએક્શનમાં પણ કામ કર્યું છે. આ પ્રોજેક્ટમાં કામ કરવાનું મને ગર્વ છે. વ્હોટ્સએપમાં હજુ બીજું ઘણું આવી રહ્યું છે. વિદિતના પિતા નયનભાઈ મણિયાર અને માતા નયનાબેન તેમજ એચબી કાપડિયા સ્કૂલના સંચાલક મુક્તક કાપડિયાએ વિદિતની આ સિદ્ધિ અંગે ખુશી વ્યક્ત કરી હતી.

(Source : www.divyabhaskar.co.in)

# હાથીજણનો પ્રાચીન લાલગેબી વડ



આપણે સૌ કબીર વડ વિષે તો જાણીએ જ છીએ. આવો જ એક વિશાળ વડલો અમદાવાદમાં પણ આવેલો છે. અમદાવાદનું સૌથી પ્રાચીન વૃક્ષ એવું આ વડનું વૃક્ષ હાથીજણ પાસેના લાલગેબી આશ્રમ ખાતે આવેલું છે. લગભગ દોઢ વિઘામાં પ્રસરેલો આ વડ ૭૦૦-૮૦૦ વર્ષ જેટલો પ્રાચીન હોવાનું સ્થાનિક નાગરિકોનું કહેવું છે. પુરાતત્ત્વ વિભાગના સૂત્રોએ પણ આ વડ ૭૦૦થી વધુ વર્ષ જૂનો હોવાની વાત સ્વીકારી છે. વડની વડવાઇઓ ખૂબ મોટા વિસ્તારમાં પથરાઈ ગઈ છે. આને કારણે સમગ્ર વડલો એટલે ઘેઘૂર બની ગયો છે કે, વડનું અસલ થડ પણ શોધવું અશક્ય બની ગયું છે. હાથીજણના લાલગેબી આશ્રમ ખાતે આવેલું આ વૃક્ષ લાલબાપુની ધાર્મિક પૂજા સાથે પણ સંકળાયેલું છે. અતિપ્રાચીન વડને સાચવવા માટે ખાસ કરીને જ્યાં વડવાઇઓ જમીનને અડે ત્યાં ખાડો કરીને તેના મૂળ આ ખાડામાં રોપી લેવામાં આવે છે જેથી આ વડવાઇઓ પણ થડ જેવી મજબૂત બની જતાં વડ આગળ વધે છે.

હાથીજણ ગામે આવેલો આ વિશાળ વડ આશરે ૮૦થી પણ વધુ થડ ધરાવે છે. આ વડ પાસે પ્રાચીન બળિયાદેવનું મંદિર આવેલું છે, ચમત્કારિક ગેબી ધુણો આવેલો છે, ગેબીનાથ મહાદેવનું મંદિર, મહાકાળી અને દુર્ગા માતાનું શિખરબંધ મંદિર પણ છે. મા ચામુંડા, રાંદલ, બહુચર, ગાયત્રી, કાળભૈરવ, શનિદેવ, ગોગા મહારાજ સહિતના અનેક મંદિરો આવેલા છે. વિશાળ વિસ્તારમાં ફેલાયેલા આ વડમાં ૧,૫૦૦થી વધુ કાગડા, ૨૦૦થી વધુ પોપટ, ૫૦ જેટલા મોર સહિતના અનેક પક્ષીઓ વાસ કરી રહ્યા છે. આ પક્ષીઓ માટે રોજ ૨૦ કિલો ચણ નાંખવામાં આવે છે. વડની પાછળના વિસ્તારમાં ૫૦ જેટલી નીલગાયો રહે છે જેમના માટે પણ પીવાના પાણીની વ્યવસ્થા કરાઇ છે.

લાલગેબી આશ્રમમાં રામાપીરના મંદિરે આવતા તમામ શ્રદ્ધાળુઓ અચુકપણે આ વડની મુલાકાત લે છે. દરેક ધાર્મિક પ્રસંગ ઉપરાંત આ વડ નીચે આવેલા મંદિરોમાં દૈનિક ધોરણે પૂજા-પાઠ આરતી થતી હોય છે. સ્થાનિકો માટે આ વડ કબીરવડ જેવું મહત્વ ધરાવે છે.

(Source & Photo Courtesy : www.gujaratsamachar.com, www.divyabhaskar.co.in)

